ISSN: 2349-7637 (Online)
Volume-1, Issue-2, September 2014
**RESEARCH HUB – International Multidisciplinary Research Journal**
Case Study
Available online at: www.rhimrj.com

# સંવેદન સંકોરતી બાળકોની વેદનાની નવલકથા: “સપ્તધારા”

લેખક: પ્રો. જગદીશ એમ. ભોયા
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાસંદા
જીલ્લો-નવસારી, ગુજરાત
ઈ-મેલ: jmb3771@yahoo.in

---

સમાજના ઉપેક્ષિત લોકો તરફ સહાનુભુતિથી સમાજસેવા કરનાર, ગુજરાતી સાહિત્યમાં “અંધારી ગલીમાં સફેદ ટપકાં” અને “એ લોકો” વાર્તા સૃષ્ટિના સર્જક તરીકેની વિષેશ ઓળખ ધરાવનાર હિમાંશી શેલત ગુજરાતી સાહિત્યના અગ્રગણ્ય સાહિત્યકાર છે. એમના સાહિત્યમાં ઉપેક્ષિતો તરફની સંવેદના પ્રધાનરૂપે જોવા મળે છે. “સપ્તધારા” નવલકથામાં માનવ સર્જિત ઉપદ્રવ અને ઉત્પાતથી કુમળી વયના બાળકો ભોગ બનતા મળવાપાત્ર સાહજિક બાળપણથી વંચિત રહેતા સાત બાળકોની કરૂણ વ્યથા છે. પ્રસ્તાવનામાં લેખિકા લખે છે કે, “કાચી વયે જોયેલું – અનુભવેલું ભયાવહ વાતાવરણ કેટલાં બાળકોને તૂટ્યાં અને તરડાયાં વિનાનાં, આખેઆખાં રાખી શકે ? માનવસર્જિત ઉપદ્રવ અને ઉત્પાત ટાળવાનું, કંઇ નહી તો એનું દબાણ ઓછું કરવાનો નિર્ણય લેવાનુંયે માણસની જાતને ક્યાં ફાવ્યું છે ? ભોળી આંખોએ દીઠેલાં બળતાં ઘર, ઊછળતી તલવારો, સામૂહિક બળાત્કારો, ટોળાના બેફામ અત્યાચારો, કૂણાં ચિત્તમાં કેવો આતંક ફેલાવી શકે એનો અંદાજ મેળવવામાં કોઠે પડી ગયેલી પીડાની સમજ ઓછી પડવાની. આ વિષય શાસ્ત્રીય ચર્ચા અને આંકડાની ગુચ ગરબડ કરતાં ઊંડી કરુણા અને  વ્યાપક સંવેદનાનો છે.“

સમાજ વ્યવસ્થામાં ચાલતા આડંબરોની વ્યથા પ્રગટ કરે છે. લેખિકાની તકવિહોણા, અભાવગ્રસ્ત બાળકો માટે જ્ઞાનલક્ષી અને આનંદલક્ષી પ્રવૃતિઓના નિમિતે જ આવી કૃતિનું અવતરણ થયાનું અનુમાન નકારી શકાય નહી. લેખિકા ઉપેક્ષિત તથા શ્રમજીવી નારી માટેનું કાર્ય કરે છે. આવા લોકોના નક્કર વાસ્તવિક જીવનથી વાકેફ છે. એના સંવેદનો આપણને વાર્તાસૃષ્ટી, નવલકથા કે સ્મૃતિકથા સ્વરૂપે પ્રાપ્ત થાય છે. સંવેદનો અભિવ્યક્ત કરવા લેખિકાની નીજીરીતિ છે. “અભાવ અને સંઘર્ષની ઉપેક્ષા અને ઓછપની અંધાર ઘેરી દુનિયામાંયે હસી શકતા અને ગાઇ શકતા બાળદોસ્તોને સલામ ભરતી સ્મૃતિકથા “પ્લેટ ફોર્મ નંબર ચાર” છે, તો “ખોવાયેલા બાળપણને શોધીને એના અસલ દાવેદારના હાથમાં સોપવા મથતા સંવેદનશીલ, સજગ અને સંઘર્ષરત સમુદાયવાળી નવલકથા “સપ્તધારા” માં બાળકોની વેદનાના હૃદયદ્રાવક દ્રશ્યોનું દર્શન થાય છે.

“સપ્તધારા” ના સાત પાત્રો છે, સાતેય પાત્રો જુદા - જુદા પ્રવાહના ભોગ બનતા પોતાનું બાળપણ ગુમાવે છે. સલમા, રેણું, બુલ્લા, પુરવ, રજત, ગણેશ અને દલવીર આ સાતેનો પ્રવાહ જુદો – જુદો, છતાં ખૂબ જ ખૂબીથી સાતે પાત્રોને એકસૂત્રે બાંધી નવલકથા પ્રગટ કરી છે. એમાં જો આવી ઘટના બની ન હોત તો આ પરિસ્થિતિનો ભોગ બન્યા ન હોત વાળી ઘટનાઓ સમાંત્તરે મૂકી જે પ્રત્યાઘાતો કુમળીવયના બાળકોને લાગે છે, એ આઘાતોથી બાળજીવન અસ્તવ્યસ્ત બને છે. સામાન્ય બાળકોની જેમ વર્તી શકતા નથી એવી ઘટનાનું પરિણામ વાસ્તવિક છે. એ ઘટનામાંથી બાળકોને રી-સાયક્લીંગની પ્રોસેસના વાતાવરણમાં કેળવીએ તો પણ પહેલાના જેવું આબેહૂબ જીવન લક્ષી બનતું નથી. તેનું કરૂણ સત્ય રજૂ કરેલ છે.

વાવાઝોડા સમો “દલવીર” કોમી રમખાણમાં જે આવ્યું કે કપાયું, કચરાયું, વેરવિખેર થયું દસ મિનિટથીયે ઓછા સમયમાં બે માથા ધડથી અલગ થઇ ગયા.” (પૃ.૧૦) નું દૃશ્ય જોવાથી દલવીર પથ્થર જેવો બની ગયો. ન ચીસ, ન અવાજ, ન સંચારમાં દલવીર ગરકી ગયો. “રેણું” પોતાના મા-બાપ થકી જ ભોગ બની. રેણુની બહેન સેવંતીને ગામ બહાર ભણવા મૂકતા પોતાના કુળ – ખાનદાનથી નીચી જાતના છોકરા સાથે યારી થતાં “ સેવંતીનું શિરચ્છેદ” ઘટનાની સાક્ષી રેણું બની. “લોહીના રેલામાંથી તિલક થયાં,


*2014, RHIMRJ, All Rights Reserved*

કુળની આબરૂ સચવાઇ ગઇ, સેવંતી ગઇ તો ભલે ગઇ, દિકરીઓ તો જવા માટે જ જન્મી હોય એનો અફસોસ શો કરવો ! (પૃ.-૨૬) પરંતુ રેણું સેવંતીનું દૃશ્ય ભુંસી શકી નહી. “સલમા” પણ રમખાણની પરિસ્થિતિનો શિકાર બને છે. આંગળા દાઝે એવી ગરમ રાખમાંથી અમ્મીના ચંપલ શોધી કાઢેલા. કોઇ સમજાવી શકેલું નહી કે, શા માટે ઘર બાળી મૂકેલું ? એ રીતે પોતાના બાળપ્રદેશથી દૂર હડસાયેલી. “પૂરવ” આખા કુટુંબ માટે અનવૉન્ટેડ બને છે ? આમ બનવાનું “ મૂળ કારણ એમ કે પૂરવ પોતાનો દીકરો નથી એમ એના બાપને લાગે છે.” (પૃ.-૫૨) “બુલ્લા” પણ પરિસ્થિતિનો શિકાર બનેલી, મા-બાપથી વંચિત થઇ ગઇ. બાપ દારૂની લતવાળો, કુમળી છોકરીને વેચી દેતો, માને ખાતરી થઇ ગઇ હતી કે, “ આ જમડાનો લગારે વસ્વાવ ન થાય.. આ તો ખાવીસની જાત, એને પેટની છોકરી પણ પારકી લાગવાની, હજી તો નાની છે. નાક નકશો ઠીક કે’વાય તેવો છે. લઇને વેચી મારે તો ક્યાં ! પીધેલો આવે તેવારે એમ બોલી બી છે. પોરીને પધરાવી દેવી છે..... રોકડા કરી લેવાના ( પૃ. ૧૬) “બુલ્લાની” મા ભોજનમાં ઝેર ભેળવીને ધાર્યું પરિણામ લાવે છે. પણ આમ બનતાં મા-બાપ બન્નેની છત્રછાયા બુલ્લા ગુમાવે છે. “રજત” સ્વવિકાસમાં માનનરો, એમણે પોતાની રીતે સફળ થવું છે. પોતાના પિતાની ઇચ્છાથી સફળ થઇ શકતો નથી તેથી આપઘાત કરવાના પ્રયાણો સુધી ઘસડી જાય છે. જ્યારે “ગણેશ” જે શાળામાં ભણતો તે વર્ગમાં રૂપિયા ચોરાયાની ઘટના બનતાં બધાની બેગ અને ખિસા તપાસવામાં આવ્યા. ચોરી ન તો ગણેશે કરી કે ન તો એના મિત્રએ પરંતું મિત્ર ખુબ સંવેદનશીલ હતો અને નહેરમાં કુદીને આપઘાત કર્યો, મિત્રની લાશ જોઇ ત્યારથી ગણેશે સારા-નરસાની સુઝબુઝ ગુમાવી દીધી.

બધી જ ઘટના નવલકથાનું મુખ્યપાત્ર સુચેતાની કથા સાથે જોડાયેલી છે. જે બાળકો મોકળાશથી રડી પણ શકતા નથી તેઓના વિકાસ અર્થે કામ કરતી સુચેતાની આજુબાજુ સાત બાળકોની વાત એક તાંતણે વણી લીધી છે. સુચેતાનુ કાર્યક્ષેત્ર ખોવાયેલા બાળપણને શોધી એના અસલ દાવેદારના હાથમાં સોંપવા મથતું નાનકડા સમુદાયનું પ્રતીક છે. કૃતિ વાંચનક્ષમ છે. અને વાંચન બાદ ભાવકના જ્ઞાન – સંજ્ઞાનને સંકોરે છે. સાથોસાથ સંકેતશીલ અર્થસૂચનને વિસ્તારે છે.

RHIMRJ


*2014, RHIMRJ, All Rights Reserved*
*ISSN:* 2349-7637 (Online)